ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૮ ટકા

# સી.એમ. હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ સન્માન સમારંભ સંપન્ન






ગાંધીનગર, તા. ૧૭
તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮ને શુક્રવારના શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનો અભિવાદન અને વાર્ષિકોત્સવ યોજાયો હતો. આ સમારંભમાં અધ્યક્ષાપદે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ તેમજ સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ એમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના ઉદ્‌ઘાટન તરીકે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિજય પટેલ CEO, (NEOTEX PVT LTD), પલકભાઈ એચ ઠક્કર Director, (NEOTEX PVT LTD) મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરુણભાઈ બૂચ, કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમાભાઈ પટેલ તથા ડૉ. વીણાબેન, કૌશલ્યાબેન, શાળાના આચાર્ય, વિવિધ શાળાના આચાર્યઓ, સંસ્થા પરિવારના સભ્યો, વાલીઓ, ઈનામપાત્ર વિદ્યાર્થીઓ શાળાના વિદ્યાર્થીઓની હાજરી પ્રેરક બની રહી.

આ વાર્ષિકોત્સવમાં પૂજ્ય છગનભા મેડલ પારિતોષિક, પૂજ્ય દિવાળીબા, પૂજ્ય દાસકાકા અને પૂજ્ય માણેકલાલ એમ. પટેલ સાહેબ મેમોરિયલ મેરીટ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. તમામ ધોરણોના તમામ વર્ગોમાં પ્રથમ આવનાર ૨૧ વિદ્યાર્થીઓને રૂા. ૨૧૪૭૪, મેરીટ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી. શાળાના જે વિદ્યાર્થીઓને નેશનલ કક્ષા લેવલની રમત સુધી ભાગ લઈ શાળાનું નામ રોશન કર્યું છે. તેવા વિદ્યાર્થીઓને રૂા. ૭૫૦૦ નો પુરસ્કાર આપવામાં આવ્યો. સ્કોલરશીપનું વિતરણ સમારંભમાં ઉપસ્થિત તમામ મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં સાંસ્કૃતિક કાર્યક્રમ 'ભાઈબહેનનું હેત' થીમ આધારિત રજૂ કરવામાં આવ્યો હતો. શાળાના ૮૦ જેટલા વિદ્યાર્થીઓયે ભાગ લીધો હતો. ધોરણ-૧૨ સાઈન્સના રવિ સુથાર અને રાઠોડ કલ્પેશે વિવિધ રંગો આધારિત સુંદર રંગોળીથી હોલ સુશોભિત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમના પ્રતિભાવ આપતાં સમારંભના અધ્યક્ષ ડૉ. કનુભાઈ પટેલ સાહેબે પાયોનિયર સંસ્થા ગણાવી તેમાં ઉજ્જવળ પરિણામો બદલ તમામ સ્ટાફને અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. સમારંભના ઉદ્‌ઘાટક તરીકે ઉપસ્થિત વિજયભાઈએ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીના નાતે શાળાનાં સંસ્મરણો વાગોળ્યા અને વિદ્યાર્થીઓને ઉચ્ચત્તમ કારકિર્દી માટે ઉજ્જવળ તકો અંગે માર્ગદર્શન આપી શુભાશિષ પાઠવી હતી. અરુણભાઈ બૂચે ગાંધીનગર સ્થાપનાથી આ સંસ્થા શિક્ષણની સાચી સેવા કરી રહી છે અને ગાંધીનગરના વિકાસમાં પણ તેનો અગ્રિમ ફાળો છે તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમની શરુઆત શાળાના આચાર્ય બી.કે. પટેલે સ્વાગત પ્રવચન કરી તેમજ શાળાની પ્રગતિનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમમાં મહેમાનોનો શાળા શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાના સમગ્ર સ્ટાફનો સંપૂર્ણ સહયોગ મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. ચેતના બૂચે કર્યું હતું.

## @ગાંધીનગર

● શ્રી ઉત્તર દસક્રોઈ કૂવા પાટીદાર સમાજ સુધારક મંડળ દ્વરા સમુહ લગ્નોત્સવ વાડીલાલ ડાહ્યાભાઈ પટેલ વિદ્યા સંકુલ કુડાસણ ખાતે યોજાશે.

## આજે સાંજે 'વાર્તાયન પર્વ-૨'ની બેઠક મળશે

ગાંધીનગર, તા.૧૭
આજે તા. ૧૮મી ફેબ્રુઆરીને રવિવારે સાંજે બરાબર પાંચ વાગ્યે પી.કે. મહિલા આર્ટ્સ કૉલેજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે વાર્તા માસિક 'મમતા' દ્વારા પ્રેરિત 'વાર્તાયન' પર્વ - ૨ ની બેઠક મળશે. જેમાં કલ્પેશ પટેલ અને ધારિણી સોલંકી પોતાની વાર્તાઓનું પઠન કરશે. સૌ સર્જક મિત્રો, ભાવકો અને સાહિત્ય રસિકોને હાજર રહેવા જાહેર નિમંત્રણ છે.

# ગાંધીનગર શહેરમાં વાહનોના નંબરની ઓનલાઈન હરાજી ૧લી માર્ચે યોજાશે

ગાંધીનગર, તા. ૧૭
સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા વાહનોના નંબરોની ઓનલાઈન હરાજી તા. ૦૧ માર્ચ, ૨૦૧૮ના રોજ કરવામાં આવનાર છે. ફોર-વ્હીલર્સ વાહનો માટે "BJ" નવી સીરીઝમાં તથા ટુ-વ્હીલર્સ વાહનોમાં "DB" નવી સીરીઝમાં અને ટુ-વ્હીલર્સ અને ફોર- વ્હીલર્સ વાહનોમાં બાકી રહેલ ગોલ્ડન અને સિલ્વર નંબરોની ઓન લાઈન હરાજી કરવામાં આવનાર છે.

ઓન લાઈન હરાજીમાં ભાગ લેનાર વાહન માલિકે (૧) http://parivahan.gov.in/fancy માં જવું (૨) New Public user બનાવવું. (૩) CAN from submit કરવું. (૪) નંબર સિલેકટ કરી Bidding કરવું જેમાં નિર્ધારીત ફી (BASE AMOUNT) ભરવાની રહેશે. વાહન માલિક તા. ૧૭ થી ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮ સુધીના સમયગાળામાં ઓન લાઈન એપ્લીકેશન કરી શકશે. તા. ૨૮/૦૨/૨૦૧૮ સવારના ૧૨.૦૦ થી તા. ૦૧/૦૩/૨૦૧૮ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી Bidding માં ભાગ લેવાનો રહેશે. ત્યારબાદ તા. ૦૧/૦૩/૨૦૧૮ના સાંજના ૫.૦૦ કલાક પછી હરાજી પૂર્ણ થશે. સફળ અરજદારને અરજી કરેલ નંબર મળી જશે. બાકીની ફી ઓન લાઈન ભરવાની રહેશે. તથા આરટીઓ માં ડાક્યુમેન્ટ જમા કરાવવાના રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ હરાજીમાં ઈનવોઈઝ અથવા વીમા તારીખ બે માંથી જે વહેલા હોય તે તારીખથી ૭ દિવસ થતાં હોય તેવા જ વાહન માલિક હરાજીમાં ભાગ લઈ શકશે. આ અંગેની વધુ માહિતી માટે કચેરીના જનસંપર્ક અધિકારીનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવ્યું છે.

## ૨૧મી ફેબ્રુઆરીએ શ્રી માતાજીનો જન્મોત્સવ અરવિંદ કેન્દ્રમાં ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૭
તા.૨૧મી ફેબ્રુઆરીના રોજ શ્રી માતાજીના જન્મદિવસ નિમિત્તે શ્રી અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩ ગાંધીનગર ખાતે ઉજવાશે. સવારે ૯.૩૦ કલાકે પ્રાર્થના અને વાંચન, સાંજે ૬.૧૫ કલાકે જાણીતા સાહિત્યકાર અને શ્રી અરવિંદ કેન્દ્ર જીવન દર્શનના ઊંડા અભ્યાસુ રાજેન્દ્રભાઈ પટેલ જાહેર વ્યાખ્યાન આપશે. રસ ધરાવતાઓએ હાજર રહેવા ચેરમેન ડૉ. સી. કે. તન્નાએ જણાવ્યું છે.

# બીસીએ કોલેજ ખાતે સોફ્ટવેર ટેસ્ટીંગ કોર્ષની તાલીમ અપાઈ



ગાંધીનગર, તા. ૧૭
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએ ખાતે સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત સોફ્ટવેર ટેસ્ટીંગ સર્ટિફિકેશન કોર્સ-૨નો ટ્રેનીંગ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. તાલીમનો અભ્યાસક્રમ ઈન્ડસ્ટ્રીની માંગને અનુરૂપ કુલ ૩૦ કલાકનો તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ટ્રેનીંગ પ્રોગ્રામમાં ઈન્ડસ્ટ્રી રિસોર્સ પર્સન તરીકે વિવેક પટેલ અને નિમેષ પ્રજાપતિએ ઉપસ્થિત રહીને તેમની સેવાઓ આપી હતી.

તાલીમ દરમિયાન રિસોર્સ પર્સને તેમના અનુભવની મદદથી ઈન્ડસ્ટ્રીઝની કાર્યશૈલી અને વ્યવસાયિક ટચ વિદ્યાર્થીઓ સાથે શેર કર્યા હતા. આ ઉપરાંત, ટ્રેનીંગ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓને મેન્યુઅલ અને ઓટોમેટેડ ટેસ્ટીંગમાં પાયાથી શરૂ કરીને લેટેસ્ટ માહિતી આપવામાં આવી હતી. તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રી માટે તૈયાર કરવાનો હતો. આ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે મોક ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગોકુલપુરાની ઝાડીઓમાં જુગાર રમતા પાંચ ઝડપાયા : એક ફરાર

**અડધા લાખના મુદ્દામાલ સાથે સેક્ટર-૭ પોલીસે પાંચને દબોચી લીધા : એક શકુની નાસી છૂટવામાં સફળ**

ગાંધીનગર, તા. ૧૭
શહેરને અડીને આવેલા સેકટર-૧૪ નજીક ગોકુલપુરા છાપરા પાસે જંગલ વિસ્તારમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે ગઈ સાંજે સેકટર-૭ પોલીસે દરોડો પાડી બાજી માંડીનો બેઠેલા પાંચ શકુનીઓને જુગાર રમતા રંગેહાથ દબોચી લીદા હતા. જયારે એક શકુની નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. સેકટર-૭ પોલીસે રોકડ રૂા. ૧૩,૧૪૦ સહિત કુલ રૂા. ૫૦ હજારના મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ કરી ફરાર શખ્સને પકડવા તજવીજ શરુ કરી છે.

સેકટર-૭ પોલીસ મથકની સર્વેલન્સ સ્કવોર્ડના પીએસઆઈ ડી.ડી. ઝાલા તથા તેમની ટીમના હે.કો. પુષ્પેન્દ્રસિંહ સહિતનાં માણસોએ ચોક્કસ બાતમીને આધારે ગઈ સાંજે ગોકુલપુરા નવા છાપરા પાસે જંગલ વિસ્તારની ઝાડીઓમાં ખુલ્લેઆમ રમાઈ રહેલા જુગાધામ પર દરોડો પાડ્યો હતો. પોલીસ જોઈને જુગારના અડ્ડા ઉપર દોડધામ મચી જવા પામી હતી જો કે પોલીસે કોર્ડન કરીને પૈકી પાંચ જુગારીઓને પકડી લીધા હતા. જયારે એક કોર્ડન તોડીને ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે ગોકુલપુરા રહેતા જયેશ કનુ પ્રજાપતિ, વસંત ગાંડા દેવીપૂજક, હાજીખાન ગુલાબખાન બલોચ, સે-૧૬, છ-ટાઈમ બ્લોક નં. ૧૩૦/૨ ખાતે રહેતા મનીષ ગીરીષ વિરમ દંતાણી મળીને પાંચ શકુનીઓને પકડી પાડ્યા હતા. જયારે વાવોલ કુબેરનગરના કેતન મુકેશ ગજ્જર નામનો શખ્સ ફરાર થઈ ગયો હતો. સેકટર-૭ પોલીસે રોકડ રૂા. ૧૩,૧૪૦ તથા ત્રણ બાઈકો મળીને કુલ રૂા. ૫૦,૧૪૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પાંચની ધરપકડ કરી ફરાર થઈ ગયેલા શખ્સને પકડી પાડવા દોડધામ શરુ કરી છે.

# ખ-માર્ગ પર સે. ૧૪ના પ્રવેશ દ્વારે સ્પીડબ્રેકર મુકવા માંગ

**રોડ પહોળો કરતા હટાવાયેલ એસ.ટી. સ્ટેન્ડ પુનઃ સ્થાપિત કરવા અને ખામીયુક્ત સાઈનબોર્ડ સુધારવા રજૂઆત**

ગાંધીનગર, તા. ૧૭
ગાંધીનગરના સેક્ટર-૧૪ વસાહત મંડળ દ્વારા ખ-રોડ પરના સેકટરના પ્રવેશ માર્ગે પડેલો મસમોટો ખાડો ઝડપથી પુરી અહીં વારંવાર થતા અકસ્માત નિવારવા મુખ્ય માર્ગ પર સ્પીડબ્રેકર્સ બનાવવા માંગ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્થળે થયેલા એક અકસ્માતમાં ગઈકાલે જ એક બાઈક સવારે તેની જીંદગી ગુમાવી છે.

શહેરના ખ-માર્ગને પ્હોળો કરવા માટે સેક્ટર-૧૪ના ખ-રોડ પરના પ્રવેશ માર્ગ પાસેનું એસ.ટી. સ્ટેન્ડ હટાવી દેવાયુ હતુ. આ ઉપરાંત અહીં વારંવાર સેક્ટરમાંથી બહાર નીકળતા અને પ્રવેશતા વાહનોનો મુખ્ય માર્ગ પરના વાહનો સાથે અકસ્માત સર્જાવાની ઘટના બનવા પામે છે. આ જ સ્થળે રોડ પર મોટો ખાડો પણ પડેલો છે. જે વાહન ચાલકો માટે જોખમરૂપ બનવા પામ્યો છે. આમ એક જ સ્થળે અસંખ્ય ફરિયાદો હોવાથી સેક્ટર-૧૪ વસાહત મંડળ દ્વારા અહીં સ્પીડ બ્રેકર મુકવા માંગ કરવામાં આવી છે તથા સત્વરે ખાડો પુરવા પણ રજૂઆત કરવામાં આવી છે. શહેરમાં લગભગ તમામ સેક્ટર્સને નવા નક્કોર એસ.ટી. સ્ટેન્ડની સુવિધા પ્રાપ્ત થયેલ છે તો આ સ્થળેથી કાઢી નંખાયેલ એસ.ટી. સ્ટેન્ડના મૂળ સ્થાને નવા એસ.ટી. સ્ટેન્ડની સુવિધા પુરી પાડવા માંગ કરવામાં આવી છે. આ સાથે સેક્ટરમાંથી બહાર નીકળતા વાહનોને થતા અકસ્માત નિવારવા સ્પીડબ્રેકર મુકી ત્યાં ખામીવાળા સાઈનબોર્ડ જે હયાત છે તે સુધારી નવા સાઈન બોર્ડ મુકવા પણ માંગ કરવામાં આવી છે.

# ગાંધીનગર ખાતે હાઈ કેપેસીટી કન્ડક્ટરની ચકાસણી માટેની વિશ્વની સૌ પ્રથમ કન્ડક્ટર ટેસ્ટીંગ લેબોરેટરી સ્થપાશે

કેનેડા સ્થિત કાઈનેટ્રીકસ ઈન્ટરનેશનલ કંપનીએ જી.એફ.એસ.યુ. સાથે ગુજરાત વાઈબ્રન્ટ ૨૦૧૭માં એમ.ઓ.યુ. કરેલ. સદર એમ.ઓ.યુ. હેઠળ કાઈનેટ્રીકસ ઈન્ટરનેશનલ કંપની અને જી.એફ.એસ.યુ. દ્વારા સંયુકત રીતે હાઈ કેપેસીટી કન્ડકટરની ચકાસણી માટેની વિશ્વની સૌ પ્રથમ કન્ડક્ટર ટેસ્ટીંગ લેબોરેટરી જી.એફ.એસ.યુ. ખાતે સ્થાપવાનું નકકી કરવામાં આવેલ છે. જી.એફ.એસ.યુ.ને તાજેતરમાં ફાળવાએલ વધારાની ૭૨૦૦૦ ચો.મી. જમીનમાં આ લેબોરેટરી ઉભી થશે. આ માટે કાઈનેટ્રીકસ ઈન્ટરનેશનલ કંપની તરફથી ૧.૭ મીલીયન યુ.એસ. ડોલરનું રોકાણ કરવામાં આવનાર છે. આમ હાઈ કેપેસીટી કન્ડકટરની ચકાસણી માટેની આ વિશ્વની સૌ પ્રથમ અને એકમાત્ર લેબોરેટરી બનશે. જેમાં કન્ડરકટરની નિષ્ફળતાના કારણોની ફોરેન્સીક ચકાસણી પણ થશે. હાલ કાઈનેટ્રીકસ ઈન્ટરનેશનલ કંપની ખાતે કન્ડકટર ટેસ્ટીંગની સુવિધા કેનેડા માટે ઉપલબ્ધ છે, પરંતુ તેમાં ફકત લો કેપેસીટી કન્ડકટરની ચકાસણી થઈ શકે છે, તે વિશ્વની એકમાત્ર લેબોરેટરી હોઈ તમામ દેશો લો કેપેસીટી કન્ડકટરની ચકાસણી માટે નમૂના કેનેડા મોકલે છે. હવે હાઈ કેપેસીટી કન્ડકટરની ચકાસણી જી.એફ.એસ.યુ. ખાતે ગુજરાતમાં, ભારતમાં આ સહયોગને કારણે શકય બનશે. જે પાવર ગ્રીડ કોર્પોરેશન સહીતના દેશના અને વિદેશના અનેક પાવર સ્ટેશનોને જરૂરી મદદ પૂરી પાડશે. જે બાબત ગુજરાત રાજય તેમજ સમગ્ર દેશ માટે ગૌરવ સમાન છે.

**જીએફએસયુને તાજેતરમાં ફાળવાયેલ વધારાની ૭૨૦૦૦ ચો.મી. જમીનમાં આ લેબોરેટરી ઉભી થશે**

# સ્કૂલ સ્પોર્ટસ કોન્ટેક્ટ પ્રોગ્રામ અંતર્ગત વ્યાયામ શિક્ષકોની તાલીમ શિબિર યોજાઇ







ગાંધીનગર, તા. ૧૭
'રમત-ગમત એ સંસ્કાર છે' આ મંત્રને ધ્યાને રાખીને રાજ્ય સરકારે રમત-ગમતની પ્રવૃતિનો વ્યાપ વધે અને રાજ્યની પ્રતિભા રાષ્ટ્ર - વિશ્વ કક્ષાએ ઝળકે તેવા સર્વગ્રાહી પ્રાયસો હાથ ધર્યા છે. રાજ્યમાં યોજાતા ખેલ મહાકુંભ આ દિશામાંનો જ એક પ્રયાસ છે.

ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર શાળાઓના વ્યાયામ શિક્ષકો માટે 'સ્કુલ સ્પોર્ટસ કોન્ટેકટ પ્રોગ્રામ' અંતર્ગત તાલીમ શિબિર યોજાઇ હતી. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત આયોજિત આ કાર્યક્રમને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ શ્રી વી.પી.પટેલે ખુલ્લો મુક્યો હતો.

આ પ્રસંગે શ્રી વી.પી.પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના રમતવીરોની પ્રતિભા રાજ્ય-દેશ અને વિશ્વ કક્ષાએ ઝળકે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. રાજયમાં ખેલ મહાકુંભનું આયોજન આ માટે જ કરવામાં આવે છે. ખેલ મહાકુંભ દ્વારા છેક ગ્રામ્ય કક્ષાના રમતવીરો પોતાનું રમતગમતનું કૌશલ્ય રાષ્ટ્રીય કક્ષાએ દર્શાવી શક્યા છે. જો કે આ માટે વ્યાયામ શિક્ષકોનું મહત્વ સવિશેષ છે. વ્યાયામ શિક્ષકો શાળા અને સ્થાનિક કક્ષાએ રમતવીરોની પ્રતિભાને ઓળખી તેનું સંવર્ધન કરે તો દેશને શ્રેષ્ઠ રમતવીરો મળી શકે તેમ તેમણે ઉમેર્યું હતું.

વ્યાયામ શિક્ષકોનું મહત્વ સમજાવી શ્રી વી.પી.પટેલે જણાવ્યું હતું કે, દરેક બાળકોમાં કોઈને કોઈ શક્તિ પડેલી હોય છે. તેને ઉજાગર કરવાનું કામ વ્યાયામ શિક્ષકોએ કરવું જોઈએ. આ માટે વ્યાયામ શિક્ષકોએ પણ બદલાતા સમયને અનુરૂપ ટેકનોલોજીનો ઉપયોગ કરવો જરૂરી છે. આજે રમતગમતના પ્રવાહો બદલાતા જાય છે અને સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાઈ છે. વ્યાયામ શિક્ષકોએ આ સુવિધાનો મહત્તમ ઉપયોગ થાય તે માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું જોઈએ. આ માટે આજે યોજાયેલી શિબિર આરંભ બિંદુ છે અને અંતિમ લક્ષ્ય ઓલિમ્પિક છે એમ તેમણે ઉમેર્યુ હતું.

આ પ્રસંગે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જતીન સોની, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ શ્રી ડી.ડી. કાપડિયા ઉપરાંત રાજ્યભરમાંથી વ્યાયામ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.